| GJJM010025992024<br>11202046240501 | | દાખલ તારીખ | : | ૦૫/૦૭/૨૦૨૪ | | |
|---|---|---|---|---|---|---|
| | | નોંધ્યા તારીખ | : | ૦૫/૦૭/૨૦૨૪ | | |
| | | ફેસલ તારીખ | : | ૦૨/૦૪/૨૦૨૬ | | |
| | | અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | सत्यमेव जयते | | | ૦૧ | ૦૮ | ૨૮ |

**નામદાર સુપ્રીમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર-VIનાં 179A અન્વયેનાં નોટિફિકેશન નં. સી–૨૦૦૧–૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨નાં ઠરાવેલા પ્રફોર્મા મુજબ**

## ફોર્મ–એ

**જામનગરના વિશેષ (પોક્સો) ન્યાયાધીશ અને અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, જામનગર.**

**ચુકાદા તારીખ:૦૨/૦૪/૨૦૨૬**
**સ્પે.(પોક્સો) કેસ નં. ૩૩/૨૦૨૪**
**આંક–૬૭**

(પંચ બી ડિવિઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૪૬૨૪૦૫૦૧/૨૦૨૪)

| | |
|---|---|
| **ફરિયાદી** | **ધ સ્ટેટ ઓફ ગુજરાત** |
| ફરિયાદ પક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર. | **શ્રી પી.જે.પરમાર** |
| **આરોપી** | **સુભાષ મોતીલાલ મેડા,**<br>ઉ.વ.૧૯, ધંધો: મજૂરી,<br>રે.હાલ ચંગાગામ વાડી વિસ્તાર, ચંદ્રસિંહ કંચવાની વાડીએ, તા.જિ.જામનગર.<br>મૂળ રહે. ઢુકની માફીગામ, જિ.ધાર, રાજ્ય–મધ્યપ્રદેશ |
| આરોપી તર્ફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન વકીલ | **શ્રી એન.ડી.કણજારીયા** |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૪/૦૫/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૯/૦૫/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૦૫/૦૭/૨૦૨૪ |
| તહોમતનામું ઘડ્યાની તારીખ | ૦૯/૧૨/૨૦૨૪ |
| પુરાવાની શરૂઆત | ૧૭/૦૨/૨૦૨૫ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | |

## આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર છૂટ્યા તારીખ | ગુનાનો આરોપ મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી? | ફો.કા.સં. કલમ–૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુભાષ મોતીલાલ મેડા | ૨૮/૦૫/૨૦૨૪ | યુ.ટી.પી. | ઇ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોક્સો એક્ટની કલમ–૪,૬ | નિર્દોષ | | |

## ફોર્મ –સી

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનુ લિસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે :–

| નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગ બનનાર | આ કામના ભોગ બનનાર | ૧૦ |
| ૨. | ડો.અમિત પ્રવિણભાઇ રાણવા | ભોગબનનારની મેડિકલ તપાસણી કરનાર | ૧૪ |
| ૩. | ભોગબનનારના પિતા | ફરિયાદી | ૨૪ |
| ૪. | દુર્ગા રાજેન્દ્રગીરી ગૌસ્વામી | તલાટી કમ મંત્રી | ૨૬ |
| ૫. | સુનિલ ગોરધનભાઇ ડાભી | પી.એસ.ઓ. | ૩૨ |
| ૬. | અજયકુમાર મીણા | તપાસ કરનાર અમલદાર | ૩૩ |
| ૭. | ભાવિક દિનેશભાઇ મેઘાણી | ભોગબનનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ તથા આરોપીને અટક કર્યાનુ,આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા, મોબાઇલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૬૪ |

**ફરિયાદપક્ષે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :–**

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ભોગબનનારનું સી.આર.પી.સી.કલમ–૧૬૪નું નિવેદન | ૧૧ |
| ૨. | ભોગબનનારનું મેડિકલ સર્ટિફિકેટ મળવાની યાદી | ૧૫ |
| ૩. | ભોગબનનારની મેડિકલ તપાસણી કરવાની યાદી | ૧૬ |
| ૪. | ભોગબનનારની મેડિકલ તપાસણી કરી સર્ટિફિકેટ આપવાની યાદી | ૧૭ |
| ૫. | ભોગબનનારનો કોન્ફિડેન્સિયલ રીપોર્ટ | ૧૮ |
| ૬. | ભોગબનનારના સેમ્પલ કલેક્શન ફોર્મ | ૧૯ |
| ૭. | આરોપીની મેડિકલ તપાસણી કરવાની યાદી | ૨૦ |
| ૮. | આરોપીના સેમ્પલ કલેક્શન ફોર્મ | ૨૧ |
| ૯. | આરોપીનો પોન્ટેશીયલ સર્ટિફિકેટ | ૨૨ |
| ૧૦. | આરોપીનો કોન્ફિડેન્સિયલ રીપોર્ટ | ૨૩ |
| ૧૧. | ફરિયાદ | ૨૫ |
| ૧૨. | ભોગબનનારનો જન્મ તારીખનો દાખલો આપવાની યાદી | ૨૭ |
| ૧૩. | ભોગબનનારનું જન્મ પ્રમાણપત્ર | ૨૮ |
| ૧૪. | જન્મ મરણ રજીસ્ટરના ઉતારાની નકલ | ૩૦ |
| ૧૫. | ભોગબનનારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્રની નકલ | ૩૪ |
| ૧૬. | સરકારી કર્મચારીને પંચ તરીકે ફાળવવાની યાદી | ૩૫ |
| ૧૭. | ભોગબનનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૩૬ |
| ૧૮. | આરોપીને અટક કર્યાનું તથા આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા તથા મોબાઇલ ફોન કબજે કર્યાનુ પંચનામુ | ૩૭ |
| ૧૯. | આરોપી તથા ભોગબનનારના મેડિકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ | ૩૮ |
| ૨૦. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૩૯ |
| ૨૧. | આરોપીને અટક કર્યા અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી | ૪૦ |
| ૨૨. | આરોપીની ઉંમર અંગેની મેડિકલ તપાસણી કરવાની યાદી | ૪૧ |
| ૨૩. | આરોપીની ઉંમર અંગેનું એજ એસ્ટિમેશન સર્ટિફિકેટ | ૪૨ |
| ૨૪. | મુદ્દામાલ પૃથ્થકરણ કરવા અંગેનો ફોરવર્ડીંગ પત્ર તથા રવાનગી નોંધ | ૪૩ |

| | | |
|---|---|---|
| ૨૫. | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૪૪ |
| ૨૬. | રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૪૫ |
| ૨૭. | એફ.એસ.એલ. રાજકોટ દ્વારા મુદ્દામાલ પૃથ્થકરણ કર્યાનો ફોરવર્ડીંગ પત્ર | ૪૬ |
| ૨૮. | બાયોલોજી તથા સીરોલોજી વિભાગનો પૃથ્થકરણ અહેવાલ | ૪૭ |
| ૨૯. | ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ-૧૬૪ મુજબનુ નિવેદન નોંધવા અંગેની યાદી | ૪૮ |
| ૩૦. | રાજ્ય બહાર તપાસમાં જવાની મંજૂરી મળવાની યાદી | ૪૯ |
| ૩૧. | પોલીસ અધિક્ષકશ્રીને ઓથોરીટી લેટર મળવા અંગે કરેલ યાદી | ૫૦ |
| ૩૨. | રાજ્ય બહાર તપાસમાં જવા સરકારી વાહન ફાળવવાની યાદી | ૫૧ |
| ૩૩. | રાજ્ય બહાર તપાસમાં જવાની મંજૂરી આપ્યાનો હુકમ | ૫૨-૫૩ |
| ૩૪. | ઓથોરીટી લેટર | ૫૪ |
| ૩૫. | રાજ્ય બહાર તપાસમાં જવાની મંજૂરી મળવાની યાદી | ૫૫ |
| ૩૬. | રાજ્ય બહાર તપાસમાં જવાની મંજૂરી આપ્યાનો હુકમ | ૫૬ |
| ૩૭. | પોલીસ અધિક્ષકશ્રીને ઓથોરીટી લેટર મળવા અંગેની યાદી | ૫૭ |
| ૩૮. | ઓથોરીટી લેટર | ૫૮ |
| ૩૯. | સીડીઆર/એસડીઆર/સીએએફની માહિતી મળવાની યાદી | ૫૯ થી ૬૨ |
| ૪૦. | ગુન્હો રેકર્ડ કરવાની યાદી | ૬૩ |

## -:: ચુ કા દો ::-

**નોંધ:-** આ ચુકાદામાં નામદાર ઉચ્ચ ન્યાયાલયના સિદ્ધાંત મુજબ, ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેણીનો 'ભોગ બનનાર' એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૧. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરિયાદીની સગીરવયની દીકરી ભોગબનનાર ઉંમર ૧૩ વર્ષ ૩ માસવાળી તા.૦૪/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૨૦:૦૦ થી ૨૨:૦૦ દરમિયાન પંકજભાઇ માલદેભાઇની વાડી, ચંગા,

તા.જિ.જામનગર ખાતે આવેલ ફરિયાદીના ઝૂંપડામાંથી લગ્ન કરવાની લાલચ આપી ફરિયાદીના કાયદેસરના વાલીપણાંમાથી લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ભોગબનનારનું અપહરણ કે અપનયન કરી લઈ જઈ, તેણીની મરજી અને ઈચ્છા વિરુદ્ધ અવાર-નવાર શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી ગુન્હો કરતાં આરોપી વિરુદ્ધ ફરિયાદ કરેલ.

૨. આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ તથા ૬ મુજબની શિક્ષાને પાત્ર ગુન્હાઓ અંગેના આક્ષેપ છે. આ કામના ફરિયાદીએ જામનગર પંચ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તા.૦૪/૦૫/૨૦૨૪ના રોજ ફરિયાદ નોંધાવતા પંચ બી ડિવિઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૨૦૪૬૨૪૦૫૦૧/૨૦૨૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬ મુજબનો ગુન્હો દાખલ થયેલ. સદર ફરિયાદ અનુસંધાને તપાસ એજન્સીએ જરૂરી અને યોગ્ય તપાસ કરી આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૪ અને ૬ અન્વયેનો ગુન્હો બનતો હોઈ, સદરહુ કલમો ઉમેરવાનો રીપોર્ટ કરી આરોપી વિરુદ્ધ સદર ગુન્હા અંગે પૂરતો પુરાવો જણાઈ આવતા અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ તથા ૬ અન્વયેના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ, જે અત્રેની અદાલત દ્વારા રજિસ્ટરે લઈ સ્પેશ્યલ (પોક્સો) કેસ નં.૩૩/૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે.

3. આ કામના આરોપી મુદ્દત તારીખે અદાલત સમક્ષ હાજર થતાં લાગુ

પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન કરેલ હોવાની ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૨૮ અન્વયે આરોપી વિરુદ્ધ આંક–૭થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪ તથા ૬ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આંક–૮ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તેમના વિરુદ્ધના ગુન્હાનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

૪. આરોપી વિરુદ્ધ આંક–૭થી ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે ઉપર મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરવા રજૂ કરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજૂ કરવો ન હોઈ પુરાવો પૂરો થયાનું જાહેર કરેલ. ત્યારબાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીએ તેમાં જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ, કોઈ ગુન્હો નહીં કરેલ હોવાનું જણાવેલ છે.

૫. ત્યારબાદ વિદ્વાન સરકારી વકીલશ્રીએ પ્રોસીક્યુશન તરફે દલીલ કરતાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આ કામના આરોપીએ ફરિયાદીની ભોગબનનાર દીકરીને ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ભોગબનનારનું અપહરણ કે અપનયન કરી લઈ જઈ, ભોગ બનનાર સાથે તેણીની મરજી અને ઈચ્છા વિરુદ્ધ અવાર–નવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર કરેલાનું ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ, આરોપીને સખત કેદની સજા તથા દંડ ફરમાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

૬. બચાવપક્ષે વિદ્વાન વકીલશ્રીએ આંક–૬૬ થી પોતાની લેખિત દલીલ

રજૂ કરેલ છે જે વંચાણે લીધી. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે. આ કામના ભોગબનનાર આરોપી સાથે સ્વેચ્છાએ ગયેલ તેમજ ભોગબનનારે પોતાની સાથે બળજબરી, પ્રલોભન અથવા દબાણ અંગેનો કોઇ પુરાવો પોતાના પુરાવામાં જણાવેલ નથી. તેમજ ભોગબનનારના સી.આર.પી.સી. કલમ–૧૬૪ના નિવેદનમાં, સરતપાસ અને ઉલટતપાસમાં મોટો તફાવત જણાઇ આવેલ અને આ કામના ભોગબનનાર હોસ્ટાઇલ જાહેર થયેલ. તેમજ ભોગબનનારના પિતા/ફરિયાદીના પુરાવામાં પણ આરોપી વિરુદ્ધનો સંડોવણીકારક પુરાવો જણાઇ આવેલ નથી. આમ, પ્રોસીકયુશન પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નીવડેલ હોય જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**૭.** આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિદ્ધાન વકીલશ્રીઓ દ્ધારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલો તથા કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગબનનાર બનાવના અરસામાં સગીરવયની હતી?

૨. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીની સગીરવયની દીકરી ભોગબનનાર ઉંમર ૧૩ વર્ષ ૩ માસવાળી તા.૦૪/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૨૦:૦૦ થી ૨૨:૦૦ દરમિયાન પંકજભાઇ માલદેભાઇની વાડી, ચંગા, તા.જિ.જામનગર ખાતે આવેલ ફરિયાદીના

ઝૂંપડામાંથી લગ્ન કરવાની લાલચ આપી ફરિયાદીના કાયદેસરના વાલીપણાંમાથી લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ભોગબનનારનું અપહરણ કે અપનયન કરી લઈ જઈ, તેણીની મરજી અને ઈચ્છા વિરુદ્ધ અવાર–નવાર શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪ તથા ૬ મુજબનો ગુન્હો કરેલ છે ?

૩. શું હુકમ ?

૮. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દાનં. ૧– હકારમાં

મુદ્દાનં. ૨– નકારમાં

મુદ્દાનં. ૩– આખરી હુકમ મુજબ.

૯. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**<u>મુદ્દા નં. ૧</u> :–**

**૧૦.** હાલના કિસ્સામાં ફરિયાદપક્ષના કેસ મુજબ ભોગબનનાર એક બાળકી છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭ મુજબ સગીર એટલે ૧૮ વર્ષથી ઓછી વયની કોઇ સ્ત્રી. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૨(૧)(ડી) મુજબ બાળકની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે મુજબ કોઈપણ વ્યક્તિ જેની ઉંમર ૧૮ વર્ષથી નીચેની હોય તે. સદર કાયદામાં જે ભોગ બનનાર છે તેની ઉંમર ખૂબ જ અગત્યની છે અને નામદાર સર્વોચ્ચ અદાલતના **જર્નેલસિંઘ વિ. સ્ટેટ ઓફ હરિયાણા**ના

ચુકાદા મુજબ ભોગ બનનારની ઉંમરની ચકાસણી અંગે જુવેનાઈલ જસ્ટીશ એક્ટ મુજબની જોગવાઈઓ મુજબનો પુરાવો લઈ તેની પૂર્તતા કરી પુરવાર કરી શકે. સદર ચુકાદાના સિદ્ધાંતો મુજબ જુવેનાઈલ જસ્ટીશ રુલ–૧૨ માં દર્શાવ્યા મુજબ ભોગ બનનારની ઉંમર અંગેની ચકાસણી કરવી જોઈએ. સદર રુલ–૧૨ ની જોગવાઈઓને જુવેનાઈલ જસ્ટીશ (કેર એન્ડ પ્રોટેક્શન) એક્ટની કલમ–૯૪માં સમાવેશ કરવામાં આવેલ છે જેની જોગવાઈઓ નીચે મુજબ છે.

**Section 94 (2) of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2000 reads as under:-**

94(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining —

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

ઉપરોક્ત જોગવાઈ મુજબ કોઈપણ વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે સૌ પ્રથમ શાળામાંથી મેળવેલ જન્મ તારીખનો દાખલો, મેટ્રીક્યુલેશન

સર્ટિફિકેટ અથવા કોઈપણ એક્ઝામિનેશને બોર્ડે આપેલ સર્ટિફિકેટના આધારે નક્કી કરી શકાય. જો ઉપરોક્ત દસ્તાવેજ ના હોય તો કોઈપણ કોર્પોરેશન અથવા મ્યુનિસિપાલિટી અથવા પંચાયત તરફથી આપેલ જન્મનો દાખલો અથવા આ કોઈ દસ્તાવેજ ના હોય તો મેડિકલ એઈજ ડીટર્મીનેશન ટેસ્ટના આધારે ઉંમર નક્કી કરી શકાય.

**૧૦.૧** આ કામે ફરિયાદપક્ષ દ્વારા ભોગબનનાર સગીરવયના હતા તે સાબિત કરવા ફરિયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે આંક-૨૪થી ભોગબનનારના પિતા કે જે આ કામના ફરિયાદી છે તેમને સોગંદ ઉપર તપાસેલ છે. જેમાં તેમણે ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષ અને ૩ માસની હોવાનું જણાવેલ.

**૧૦.૨** ફરિયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે આંક-૨૬ થી તલાટી કમ મંત્રી દુર્ગા રાજેન્દ્રગીરી ગૌસ્વામીને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવામાં આંક-૨૮ થી ભોગબનનારનું જન્મ પ્રમાણપત્ર રજૂ થયેલ છે. તેમજ આંક-૩૦ થી જન્મ મરણ રજીસ્ટરના ઉતારાની નકલ રજૂ છે. જે બંને દસ્તાવેજોમાં ભોગબનનારની જન્મ તા.૧૧/૦૧/૨૦૧૧ દર્શાવેલ છે. જે બંને દસ્તાવેજો જોતાં ભોગબનનાર બનાવ સમયે ઉંમર ૧૩ વર્ષ ૦૩ માસની સગીરવયના હોવાનું પુરવાર થાય છે. આમ, એવીડન્સ એક્ટની કલમ-૩૫ વંચાણે લેતાં આ દસ્તાવેજો પુરાવામાં ગ્રાહ્ય હોવાનું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે. તેથી મુદ્દા નં.૧ નો જવાબ 'હકાર'માં આપું છું.

**<u>મુદ્દા નં.૨</u> :-**

**૧૧.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે આંક-૧૦ થી ભોગબનનારને તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક-૧૧ થી સી.આર.પી.સી.કલમ-૧૬૪ મુજબનું નિવેદન રજૂ થયેલ છે. ભોગબનનારનો સમગ્ર પુરાવો જોતાં આરોપી તેમની વાડીમાં ઝૂંપડી બનાવીને રહેતો હતો. આરોપી ભોગબનનારને ક્યારેક બોલાવતો અને ભોગબનનાર ચાર-પાંચ

વાગ્યે આરોપીની ઝૂંપડીએ જતી. આરોપીએ ભોગબનનારને હેરાન પરેશાન કરેલ નથી. આરોપી ભોગબનનારને સંબંધ રાખવાનુ કહેતો અને ભોગબનનાર આરોપી સાથે સંબંધ રાખશે તો જ આરોપી તેને સાથે લઇ જઇ અને તેણીની સાથે લગ્ન કરશે તેમ કહેતો જેથી ભોગબનનાર આરોપી સાથે શરીર સંબંધ બાંધેલા અને ત્યારબાદ અવાર-નવાર આરોપીએ તેણીની સાથે ઝૂંપડામાં રાત્રી દરમિયાન શરીર સંબંધ બાંધેલ હોય તેવું બનેલ નથી. તેમજ ભોગબનનારે ડોકટરને બનાવ વિશે લખાવેલુ. આમ, ભોગબનનાર પોતાના પુરાવામાં પોલીસ રુબરુના નિવેદનમાં જણાવેલ હકીકત મુજબની કોઇ હકીકત જણાવતા ન હોય જેથી ફરિયાદપક્ષે ભોગબનનારને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ. વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષ કાંઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ભોગબનનારનું આંક-૧૧ થી રજૂ સી.આર.પી.સી.કલમ-૧૬૪ના નિવેદનમાં તેણીના જણાવ્યા મુજબ ભોગબનનારની મરજીથી આરોપીએ શારીરિક સબંધ બાંધેલાનું જણાવેલ. જ્યારે આ કામે આંક-૧૮ થી રજૂ થયેલ ભોગબનનારનો શારીરિક તપાસણી અહેવાલ જોતાં તેમાં કોલમ નંબર-૧૫(એફ)માં આરોપીએ ભોગબનનાર સાથે તેની મરજી વિરુદ્ધ બળજબરીથી શારીરિક સંબંધ બાંધેલ હોવાનું જણાઇ આવતુ નથી.

**૧૧.૧** ઉલટતપાસમાં ભોગબનનારે એ હકીકત કબુલ રાખે છે કે, બનાવ સમયે તેઓ બધા વાડીમાં જ રહેતા હતા તેમજ ભોગબનનારે સરતપાસમાં જણાવ્યુ તે સિવાય અન્ય કોઇ બનાવ બનેલ નથી. ભોગબનનારે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેણીએ રાજીખુશીથી પોતાનુ ઘર છોડીને ગયેલ.

**૧૧.૨** આમ, ભોગબનનારનો ઉપરોક્ત સમગ્ર પુરાવો જોતાં ભોગબનનાર આરોપીને ઓળખતી હોવાનો અને આરોપી સાથે ગયેલ હોવાનું જણાવેલ. પરંતુ આરોપીએ ભોગબનનારને હેરાન પરેશાન કરેલ નહીં

હોવાનું જણાવેલ. તેમજ આરોપીએ ભોગબનનારને લગ્ન કરવાની લાલચ આપી ભોગબનનારની ઇચ્છા વિરુદ્ધ અવાર–નવાર શરીર સંબંધ બાંધેલ હોય તેવું બનેલ નથી તેમ જણાવેલ. આમ, આરોપી વિરુદ્ધનો કોઇ સંડોવણીકારક પુરાવો ભોગબનનારની જુબાનીમાંથી જણાઈ આવતો નથી. જેથી તેવા પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**૧૨.** આ કામે ભોગબનનારના પિતાનો પુરાવો વંચાણે લેતાં જેમને ફરિયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે આંક–૨૪ થી તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક–૨૫ થી ફરિયાદ રજૂ છે. તેમણે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, એકાદ વર્ષ પહેલા તેઓ ઘરે રાત્રે વાળુપાણી કરીને સુઇ ગયેલ હતા. ત્યારબાદ રાત્રીના સાડા દસેક વાગ્યે તેમના બાપુજીએ તેમને જગાડેલ અને જણાવેલ કે, ભોગબનનાર તેના ખાટલામાં નથી જેથી તેઓ જાગી ગયેલ અને તેઓએ તથા તેમના બાપુજીએ આજુબાજુના મકાનોમાં તથા ખેતરમાં ભોગબનનારની તપાસ કરેલ પરંતુ તે કયાંય જોવામાં આવેલ નહીં. ત્યારબાદ એકાદ માસ બાદ ભોગબનનાર મળી આવેલ. ભોગબનનારે આરોપી વિશે કોઇ વાત જણાવેલ નહીં.

**૧૨.૧** ઉલટતપાસમાં ફરિયાદીએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમની ભોગબનનાર દીકરી તથા આરોપી વચ્ચે પ્રેમસંબંધ હોય જે તેમને ગમતુ ન હોય હાલની ખોટી ફરિયાદ કરેલ. ફરિયાદીએ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેમની દીકરીએ તેમને કોઇ બનાવ અંગેની વાત કરેલ નથી. ફરિયાદી એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ભોગબનનાર અને આરોપી લગ્ન કરવા માંગતા હોય જે તેમને ગમતુ ન હોય જેથી ખોટી ફરિયાદ કરેલ છે.

**૧૨.૨** આમ, ફરિયાદીએ તેમના પુરાવામાં પણ ક્યાંય હાલના આરોપીએ ભોગબનનારને લલચાવી ફોસલાવી ભગાડી લઇ જઇ તેણીની મરજી

વિરુદ્ધ શારીરિક સબંધ બાંધેલાનું જણાવેલ નથી. ભોગબનનારે પણ તેમને તે સબંધે કોઈ વાત કરેલ હોય તેવું જણાતુ નથી. આમ, ફરિયાદીનો સમગ્ર પુરાવો જોતાં આરોપીએ ભોગબનનાર સાથે દુષ્કૃત્ય કરેલ હોય તેવું જણાઈ આવતુ નથી.

**૧૩.** ફરિયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે આંક-૧૪ થી ભોગબનનાર તથા આરોપીની શારીરિક તપાસણી કરનાર ડો.અમિત પ્રવિણભાઇ રાણવાને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવામાં આંક-૧૫ થી ૨૨ સુધીના મેડિકલ પેપર્સ રજૂ થયેલા છે. તેમના પુરાવા મુજબ તા.૨૮/૦૫/૨૦૨૪નાં રોજ ભોગબનનારને પોલીસ યાદી સાથે મેડીકલ તપાસણી કરવા તેમની સમક્ષ લાવેલા. તે સમયે ભોગબનનારની સ્થિતી નોર્મલ હતી અને કપડા બદલી લીધેલ હતા તથા નાહી લીધેલ હતુ. ભોગબનનારે તેમની સમક્ષ બનાવ અંગેની હિસ્ટ્રી પુછતા જણાવેલ કે, "હું અને સુભાષ ભાગીને જતા રહ્યા હતા અને ધાર ગામની નજીકમાં કંપનીમાં ગયા, કંપનીમાં રૂમમાં સંબંધ બાંધેલ હતો અને ત્યાં ૨૪ દિવસ રોકાયા." ભોગબનનારની શારીરિક તપાસણી કરતા બાહ્ય ભાગે ઈજાનાં કોઇ નિશાનો જોવા મળેલ નહીં. ભોગબનનારનાં ગુપ્તભાગે તપાસ કરતા ત્યાં કોઇ ઈજાનાં નિશાન જોવા મળેલા નહીં. ભોગબનનારનાં જરૂરી નમુના લઇ સાથે આવેલ પોલીસને સીલબંધ હાલતમાં સોંપી આપેલા. તેમજ તે જ દિવસે આરોપીને તેમની પાસે મેડિકલ તપાસણી માટે પોલીસ યાદી સાથે લાવેલા. તેઓએ આરોપીના બ્લ્ડ, સલાયવા, પ્યુબીક હેર, સીમેન તથા હાથના નખના સેમ્પલો લીધેલ અને પોલીસને સીલબંધ હાલતમાં મોકલી આપેલ.

**૧૩.૧** ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ રાખે છે કે, તેમને મળેલ યાદીમાં બનાવ અંગેની ટૂંકી માહિતી આપેલ હતી. સાહેદે એ હકીકત કબુલ રાખે છે કે, તેમની પાસે વિકટીમને લાવેલ ત્યારે તેના વાયટલ્સ નોર્મલ હતા અને સંપૂર્ણ ભાનમાં હતી અને ગભરાયેલ ન હતી. સાહેદે

એ હકીકત કબુલ રાખે છે કે, ભોગબનનારના કોઈપણ ભાગ ઉપર ઈજાના નિશાન જોવા મળેલા નહીં. સાહેદે એ હકીકત કબુલ રાખે છે કે, કલીનીકલી એકઝામિનેશન દરમિયાન પણ ભોગબનનાર સાથે બળજબરી થયેલ હોય તેવું જોવા મળેલ નહીં. સાહેદે એ હકીકત કબુલ રાખે છે કે, ભોગબનનારે તેમના રુબરુની હિસ્ટ્રીમાં તેની સાથે બળજબરીપૂર્વક શરીર સંબંધ બંધાયા હોય તેવું જણાવેલ નહીં. સાહેદે એ હકીકત કબુલ રાખે છે કે, ભોગબનનારની હિસ્ટ્રી સિવાય કિલનીકલી શરીર સંબંધ બંધાયા હોવાના કોઈ લક્ષણો જણાઈ આવેલ નહીં.

**૧૩.૨** આમ, આ સાહેદના પુરાવો જોતાં ભોગબનનાર સાથે બળજબરી થયેલ હોય તેવું જોવા મળેલ નથી તેમજ ભોગબનનારે તેમના રુબરુની હિસ્ટ્રીમાં આરોપીએ તેણીની સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધેલ હોવાનું જણાઈ આવતું નથી.

**૧૪.** ફરિયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે આંક–૩૨ થી સુનિલભાઈ ગોરધનભાઈ ડાભીને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ સને ૨૦૨૪માં તેઓ પંચ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા, દરમિયાન પંચ બી ડિવિઝન પો.સ્ટે.નાં પ્રોબેશન આઈ.પી.એસ.શ્રી અજયકુમાર મીણા રુબરુ ફરિયાદીએ આપેલ ફરિયાદ તેઓ તરફ યાદી સાથે પો.સ્ટે.માં આવતા તેઓએ આ ફરિયાદ પો.સ્ટે.માં ફ.ગુ.રજી.નં.૦૫૦૧/૨૦૨૪, આઈ.પી.સી.કલમ–૩૬૩, ૩૬૬ મુજબ ગુન્હો નોંધેલ હતો. ત્યારબાદ આ ગુન્હાની તપાસ પ્રોબેશનલ આઈ.પી.એસ.શ્રી અજયકુમાર મીણા સાહેબને સોંપી આપેલ હતી.

**૧૪.૧** ઉલતપાસમાં સાહેદે એ હકીકત કબુલ રાખે છે કે, તેઓએ આ કામે ગુન્હો તથા ફરિયાદ નોંધ્યા સિવાય કોઈ કામગીરી કરેલ નથી.

**૧૫.** ફરિયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે આંક–૩૩ થી તપાસ કરનાર

અમલદાર અજકુમાર મીણાને સોગંદ ઉપર તપાસેલ છે. આ સાહેદની જુબાનીમાં આંક–૩૪ થી ૬૩ સુધીના તપાસના કાગળો રજૂ કરેલા છે. તેમના પુરાવા મુજબ સને–૨૦૨૪માં તેઓ પંચ બી ડીવી .પો.સ્ટે.માં પ્રોબેશન આઈ.પી.એસ. અધિકારી તરીકે કાર્યરત હતા ત્યારે આ કામના ફરિયાદીએ તેમના રુબરુ ફરિયાદ હકીકત જાહેર કરતાં તેમના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલ. બાદ સદર ફરિયાદ અન્વયે ગુન્હો દાખલ થઈ આવતા તેઓએ તપાસ સંભાળી લીધેલ. તપાસ દરમિયાન તેઓએ લાગતા–વળગતા સાહેદોના નિવેદન લીધેલ તેમજ ભોગબનનારનું નિવેદન લીધેલ અને સદર કામે ઈ.પી.કો.ક.૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૪,૬ના ગુન્હા દાખલ કરવા મેજીસ્ટ્રેટશ્રીને રીપોર્ટ કરેલ. ત્યારબાદ બનાવવાળી જગ્યાનું સ્થળ ઉપર બે પંચોની હાજરીમાં પંચનામુ કરેલ તેમજ ભોગબનનાર તથા આરોપીના કપડા કબ્જે કર્યાનું બે પંચોની હાજરીમાં પંચનામુ કરેલ. તેમજ આરોપીની અટક કરી સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ. ત્યારબાદ ભોગબનનાર તથા આરોપીની મેડિકલ તપાસણી કરી સેમ્પલ લેવડાવવા અંગેની કાર્યવાહી કરેલ. ત્યારબાદ આગળની તપાસ પી.આઈ.શ્રી વી.એસ.પટેલને સુપરત કરેલ.

**૧૫.૧** ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, આ કામે સી.ડી.આર. રજૂ કરેલ નથી. સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યા ખુલ્લુ ખેતર હતુ. સાહેદને એ વાત ખબર નથી કે, ભોગબનનારને ઈજાના નિશાન જણાઈ આવેલ કે કેમ. સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીના ભાઈ દિનેશ મહેડાની પુછપરછ કરેલ નથી. સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, મધ્યપ્રદેશ તપાસ કરવા ગયા ત્યારે ત્યાંના કાર્યરત એસ.પી.શ્રીની પરવાનગી આ કામે રજૂ કરેલ નથી. સાહેદે તેમની તપાસ દરમિયાન આરોપીનુ સ્કુલ લીવીંગ સર્ટિફિકેટ મળેલ ન હતુ. સાહેદને યાદ નથી

કે આરોપીનું બોર્ન ઓસિફિકેશન ટેસ્ટ કરનાર ડોકટરશ્રીનું નિવેદન લીધેલ કે કેમ.

**૧૬.** ફરિયાદપક્ષે સાહેદ નં.૭ તરીકે પંચ સાહેદ ભાવિક દિનેશભાઇ મેઘાણીને આંક–૬૪ થી સોગંદ ઉપર તપાસેલ છે. જેઓ આંક–૩૬ તથા ૩૭ ના પંચનામાના પંચ સાહેદ છે. આ પંચ સાહેદના પુરાવા મુજબ પોલીસે તેમની હાજરીમાં ભોગબનનાર તથા આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા તથા મોબાઈલ ફોન પંચનામાની વિગતે તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ. તેમજ આરોપીની શરીર સ્થિતિ અંગેનું પંચનામુ તેમની હાજરીમાં કરવામાં આવેલ હોવાનું જણાવેલ. પરંતુ આ કામે ખુદ ભોગબનનાર પોતે આરોપી વિરુદ્ધનો સંડોવણીકારક કોઈ જ પુરાવો પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવતા ન હોય જેથી સદરહુ પંચનામાઓ ફરિયાદપક્ષને મદદકર્તા માની શકાય નહીં.

**૧૭.** આમ, ઉપરોક્ત તમામ પુરાવાની ચર્ચાને અંતે ફરિયાદપક્ષ શંકાથી પર રહીને સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે, આ કામના આરોપી દ્વારા ભોગબનનારને લગ્ન કરવાની લાલચ આપી, ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ભોગબનનારનું અપહરણ કે અપનયન કરી લઈ, ભોગબનનારની ઈચ્છા વિરુદ્ધ અવાર–નવાર શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરેલ તેથી મુદ્દા નં.૨ નો જવાબ 'નકાર'માં આપી મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: હુ ક મ :–

**૧.** આ કામના આરોપી સુભાષ મોતીલાલ મેડા, હાલ રહે. ચંદ્રસિંહ કંચવાની વાડીએ, ચંગાગામ વાડી વિસ્તાર, તા.જિ.જામનગર, મૂળ ઢુકની, માફીગામ, જિ.ધાર, મધ્યપ્રદેશ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી

બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૪ અને ૬ મુજબના ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પૂરા)ના જામીન આપવા. આ જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

3. આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.૩ વાળો બ્લુ કલરનો ઓપો કંપનીનો મોબાઇલ ફોન જેના મોડલ નં.53SPDS જેના IMEI નં.૮૬૦૬૯૪૦૫૪૨૩૩૪૫૬ વાળો મોબાઇલ ફોન અપીલ સમય બાદ માલીકીની ખરાઇ કર્યા બાદ ખરા માલીકને પરત કરવો તથા અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નિકાલ કરવો.

૪. ક્રિમિનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ આરોપીના નામનું એક્વિટલ વોરંટ ઇસ્યુ કરવું.

આ હુકમ આજરોજ તા.૦૨જી, માહે એપ્રીલ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૨/૦૪/૨૦૨૬
સ્થળ: જામનગર
*U.B.Mori*

**(રોબીન પી. મોગેરા)**
વિશેષ (પોક્સો) ન્યાયાધીશ
અને અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નં. GJ01539